# Statement on the US support for TRIPS Waiver

May 06, 2021

---

# ટ્રિપ્સ રદ કરવા માટે અમેરિકાએ આપેલા સમર્થન અંગે નિવેદન

મે 06, 2021

વૈશ્વિક આરોગ્ય કટોકટી અને કોવિડ 19 રોગચાળાનો સામનો કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખતા ભારત અને સાઉથ આફ્રિકાએ 2 ઓક્ટોબર 2020ના રોજ ડબલ્યુટીઓને ટ્રિપ્સ હેઠળ કરારના નિયમો હળવા કરવાની દરખાસ્ત કરી હતી, જેથી વિકાસશીલ દેશોને ઝડપથી અને પોસાય તેવા દરે રસીઓ તથા દવાઓ મળી શકે. ભારત અને બીજા સમાન વિચાર ધરાવતા દેશોના સક્રિય વલણના કારણે આ દરખાસ્તને 120થી વધારે દેશોનો ટેકો મળ્યો છે.

26 એપ્રિલ, 2021ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ બાઈડેન સાથે તાજેતરના ફોન કોલ દરમિયાન વડાપ્રધાને તેમને ડબલ્યુટીઓ ખાતે ભારતની પહેલ વિશે જાણ કરી હતી જેનો હેતુ માનવજાતને મદદ કરવાનો છે.

અમે 5 મેના રોજ અમેરિકન સરકારે આપેલા નિવેદનને આવકારીએ છીએ જેમાં તેમણે આ પહેલને ટેકો આપ્યો છે. અમને આશા છે કે આ વલણ અંગે સર્જાયેલા સર્વાનુમતથી ડબલ્યુટીઓ ખાતે ઝડપથી મંજૂરી મળી શકશે. પોસાય તેવા દરે કોવિડ 19ની રસીઓ તથા આવશ્યક મેડિકલ ઉત્પાદનોનું ઉત્પાદન વધારવા અને તેને ઝડપથી ઉપલબ્ધ કરાવવામાં આ મુક્તિ એક મહત્ત્વનું પગલું હશે.

**નવી દિલ્હી**
**મે 06, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.